મોડાસા નગરપાલિકાનું ૨૫ કરોડ રૂપિયાનું દેવું

પાણીના રૂપિયા ચૂકવવા સિંચાઈ વિભાગને ગલ્લા-તલ્લા

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા નગરપાલિકામાં છેલ્લા ૨૨ વર્ષથી

ભાજપ એક હથ્થુ શાસન સંભાળે છે. મોડાસા નગરપાલિકા તંત્ર સખ્તાઈપૂર્વક મિલ્કત વેરો દર વર્ષે વસુલ કરવામાં આવે છે, જેમાં સામાન્ય પાણી વેરો અને ખાસ પાણી વેરો બે અલગ અલગ પ્રકારના વેરાના સમાવેશ છે. જોકે આ પાણી માટે વસુલ કરવામાં આવેલ નાણાં સિંચાઈ વિભાગમાં જમાં કરવામાં આવતા નથી.

મોડાસાના એકમાત્ર માઝૂમ ડેમ છે જેમાંથી નગરના મોટાભાગના વિસ્તારોમાં પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે પરંતુ વર્ષોથી માઝૂમ ડેમમાંથી પાણી મેળવતી પાલિકાએ છેલ્લા કેટલાય વર્ષોથી સિંચાઈ વિભાગને પાણીના નાણા ચૂકવ્યા જ નથી. વર્ષોથી પાણીના નાણાં જમાં ન કરવામાં આવતા પાલિકાનું દેવુ ૨૫ કરોડ થઈ ગયુ છે. આ બાકી લેણાંના બીલની વસૂલાત માટે સિંચાઈ વિભાગ વારંવાર નોટિસ પાઠવે છે પરંતુ પાલિકા ચુકવવાનુ નામ લેતી નથી. પાલિકાએ બીલ માફ કરાવવા હાઈકોર્ટ અને સર્વોચ્ચ ન્યાયાલયના દ્વાર ખખડાવ્યા છે પણ ત્યાંથી પણ ધોબી પછડાટ મળી અને ઓર્ડર મળ્યો છે કે નાણાં જમા કરાવી દો..!

મોડાસાની ૮૦ હજારની વસ્તીને નગરપાલિકા ૧૬ હજારની આસપાસ નળ કનેક્શન મારફતે પાણી પુરૂ પાડે છે. એક હજાર લિટર પાણી ૩.૧૪ પૈસા લેખે માઝૂમ ડેમમાંથી આપવાવામાં આવે છે અને વર્ષ ૨૦૧૮-૧૯માં સરેરાશ દર માસે ૧૬૫૫૯૫ લીટર ડેમમાંથી આપવામાં આવ્યુ હતું. સિંચાઈ વિભાગ દ્વારા દર વર્ષે બિલની માંગણી કરવામાં આવે છે. આ વર્ષ ૧ એપ્રિલની બીલ મોકલવામાં આવ્યુ છે અને છેલ્લી તા . ૩૧-૫-૨૦૧૯ છે જોકે ઈતિહાસ જોતા આ બિલની ભરપાઈ થાય તેવુ લાગતુ નથી.

આ અંગે નાયબ સિચાંઈ અધિકારી દિપક પંડયાનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યુ હતું કે મોડાસા નગરપાલિકા નગરજનો પાસેથી પાણી વેરો ઉઘરાવે છે પરંતુ સિચાંઈ વિભાગને પાણીનું બીલ ચુકવતી નથી. દર માસે બાકી લેણાંનુ બીલ મોકલવામાં આવે છે અને દર બે માસે ઉઘરાણી પણ કરવામાં આવે છે પરંતુ પાલિકા તરફથી કોઈ સાનુકૂળ પ્રતિસાદ મળતો નથી. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે જુની બોડી દ્વારા નિયમત રીતે અમુક રકમ ભરપાઈ કરવામાં આવતી હતી પરંતુ નવા સાશનમાં એક પણ બીલ ચુકવવામાં આવ્યુ



Bill No HIP-2018-03-75 Billing Date 01/04/2019
Industry Name NAGARPALIKA MODASA
To CHIEF OFFICER MODASA NAGARPALIKA
Address CHIEF OFFICER MODASA NAGARPALIKA, MODASA
Phone No. 02774 245345
Email ID npmodasa@yahoo.co.in
Source of Water MAZAM WATER SCHEME (MAZAM DAM)
Billing Period March-19
Last Date For Payment 31/05/2019

EXECUTIVE ENGINEER
IRRIGATION PROJECT DIVISION, MODASA
MODASA

Details of Reservation Qty. Year	2018-2019	Total Water Drawn	Percentage
Industrial Use	1000 LIT.	0	
Drinking Use	1000 LIT.	1987141	
Fishing Use	1000 LIT.	0	

Bill For Actual Water Supplied For Non Agriculture / Drinking Use

Category Of Use	Qty Of Water	Water Rate	Assesment during the month	Previous Outstanding Of Last Month	Amount Recovered	Outstanding
Industrial	0	25.94	0.00			
Drinking	169686	3.14	532814.00	180198547.00	0.00	180731361.0
Fishing	0	0.96	0.00			
Industrial Penalty	0.00	6.49	0.00			
Drinking Penalty	1987141.04	0.79	1569841.00	1737656.00	0.00	3307497.0
Fishing Penalty	0.00	0.24	0.00			
Fixed Water Rate Interest			0.00	0	0.00	0.0
Normal Water Rate Interest			1825859.00	59895704.00	0.00	61721563.0
Penalty Water Rate Interest			3251.00	107316.00	0.00	110567.0
					Total Outstanding (+) / Credit (-)	245870988.0

In Words Two Crore Fifty Eight Lakh Seventy Thousand Nine Hundreds Eighty Eight Only

Penalty Reason
* As per Resolution number: WTR/ 2005/ 41/ P, Secretariat Gandhinagar, Date: 03/02/2007, Page No. 10, 7 (K) penalty is generated as below

Industrial		Drinking		Fishing	
Qty.: 0.00	0.00	Qty.: 1987141.04	1569841.00	Qty.: 0.00	0.0

NOTE
1. The payment towards this bill shall be paid within 2 months, failing to which 12 % interest will be charged.
2. If outstanding amount is not paid before six months from date of assesment, the supply of water will be stoped.
3. In case of any clarification, you may contact this office.
4. Bills will be sent by post, if bill is not received before 10 th, it should be collected from office.
5. Bill Generated As Govt. of Guj. NWRWS & k Deptt.Reso. No WTR/2005/41/P Dt. 3/02/07, Dt. 5/9/08 & Dt 1/04/09

નથી. બીજી બાજુ નગરપાલિકાના ચીફ ઓફીસરનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યુ હતુ કે પાલિકા દ્વારા પાણી પ્રોસેસ કરીને પ્રજાને આપવામાં આવે છે જેમાં ખર્ચો થાય છે અને ભવિષ્યમાં આર્થીક આયોજન કરી સિંચાઈ વિભાગનું બીલ સમયાંતરે ચુકવામાં આવશે.

આમ પ્રજા પાસેથી કડકાઈથી ઉઘરાણી કરતી પાલિકા પોતાના માંગણાની રકમ ચુકવવામાં આળસ કરી રહી છે કે યોગ્ય આયોજનનો અભાવ છે તે એક મોટો પ્રશ્ન છે.

રમાડ ગામે પાણીની તંગીના અહેવાલ બાદ તંત્ર સફાળું જાગ્યું

મેઘરજ તાલુકાના રમાડ ગામે પીવાના પાણીની તંગીના અહેવાલ મીડિયામાં પ્રસિદ્ધ થયા બાદ તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગ્યું અને પાણી પુરવઠા વિભાગને હેન્ડ પંપ ચાલુ કરવા માટે લેખિતમાં જાણ કરી છે. મેઘરજન તાલુકા વિકાસ અધિકારીએ માન્યુ કે, રમાડ ગામમાં ૧૦૦ પરિવારોની કુલ ૬૦૦ માણસોની વસ્તી ધરાવે છે, અને ગામમાં કુલ ૧૨ હેન્ડ પંપ છે, જે પૈકી માત્ર ૧ જ ચાલું છે. રમાડ ગામના લોકો ખાનગી માલિકીના ખેતરમાંથી હાલ પીવાના પાણી ભરી લાવે છે, ત્યારે ૧૧ જેટલા બંધ હેન્ડ પંપ તાત્કાલિક ચાલુ કરવા માટે ભિલોડા નાયબ કાર્યપાલ ઈજનેરની કચેરીને લેખિતમાં જાણ કરી છે.

તારીખ ૩૦-૦૪-૨૦૧૯ના રોજ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રમાડ ગામમાં પાણીની તંગીનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો, જેમાં રમાડ ગામના લોકો એક બેડૂ પાણી લેવા માટે ગરમીના પ્રખર તાપમાં પોતાના કામ-ધંધા તેમજ મહિલાઓએ ઘરકામ છોડીને પાણી ભરવા માટે મજબૂર બનવું પડ્યું હતું. ગ્રામજનો અનેક રજૂઆતો કરવા છતાં પણ તંત્રને તેમની વાત સાંભળવામાં રસ જ નહોતો. જોકે મીડિયા રમાડ ગામની જનતાનો સહારો બન્યું અને તેમની તકલીફને વાચા આપતા, તંત્રના કાને તેમની વાત પહોંચી હતી. જેને લઈને તંત્ર જાણે ગોર નિંદ્રામાંથી જાગ્યું હોય તેમ તાબડતોબ યુદ્ધના ધોરણે તમામ હેન્ડ પંપ ચાલુ કરવા માટે પાણી પુરવઠાને ૪૦ ડિગ્રીનો પત્ર મોકલી આપ્યો છે.

વડગામના ઉમરેચામાં આશાપુરા માતાજીનો યજ્ઞ યોજાયો

વડગામ, તા. ૧

વડગામ તાલુકાના ઉમેરેચામાં આવેલા આશાપુરા માતાજીનો વાર્ષિક યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં ગામના ઠાકોર પરિવાર દ્વારા યજ્ઞમાં યજમાન પદે બેસી માતાજીની પૂજા અર્ચના કરી હતી. આ યજ્ઞમાં સમસ્ત ઠાકોર પરિવારનું સમૂહ ભોજન રાખવામાં આવ્યું હતું. યજ્ઞની શાસ્ત્રોક્તવિધિ શાસ્ત્રી પંકજકુમાર ઠાકર દ્વારા કરવામાં આવી હતી. આ યજ્ઞમાં ઉમરેચાં સરપંચ ભગવાનજી ઠાકોર અને ઠાકોરના યુવાન છોકરાઓએ ભારે જહેમત ઉઠાવી હતી અને યજ્ઞના અને આશાપુરા માતાજી દર્શન કરી સૌએ ધન્યતા અનુભવી હતી.

બાયડમાં પીવાના પાણીની સ્થિતિ અંગે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પીવાના પાણીના પોકાર પડી રહ્યા છે. જીલ્લામાં પીવાના પાણીની સમસ્યાનો ચિતાર મેળવવા અને સમસ્યાનું નિવારણ કઈ રીતે લાવી શકાય તે માટે જીલ્લા વહીવટીતંત્રએ કમર કસી છે. ત્યારે બાયડ પ્રાંત અધિકારીની અધ્યક્ષતા હેઠળ યોજાયેલી બેઠકમાં બાયડ પ્રાંતમાં આવતા બાયડ, ધનસુરા તેમજ માલુપર તાલુકાના અધિકારીઓ જોડાયા હતા. બેઠકમાં પીવાના પાણીની સ્થિતિ અને આપત્તિ નિવારણ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સાથે જ આગામી બે મહિનાના આયોજન બાબાત અંગે પણ વિચાર વિમર્શ કરાયો હતો. બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મુખ્યત્વે પાણીની સમસ્યા નથી પરંતુ માલપુર તાલુકાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીનો સ્ત્રોત નીચે ઉતરતા અને કેટલાકે વિસ્તારોમાં હેન્ડપંપ બંધ હાલત હોય છે. જેનો સત્વરે નિરાકરણ થાય તે માટે બાયડ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લામાં હવામાન વિભાગ કચેરી કે તાપમાન માપવાનું યંત્ર જ નથી..!

મોડાસા, તા. ૧

દેશભરમાં આગઝરતી ગરમી પડી રહે છે. ગુજરાતમાં કાળઝાળ ગરમીના પ્રકોપને લઈને નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રાજ્યમાં સૌથી હોટેસ્ટ સીટી તરીકે ૧૭ વર્ષનો રેકોર્ડ મોડાસા શહેરના નામે નોંધાયો હતો. બપોરના સુમારે ૪૮ ડિગ્રીની આસપાસ તાપમાનનો પારો પહોંચ્યો હતો. બીજી બાજુ હવામાન ખાતાની કચેરીના અભાવે વહીવટીતંત્ર, અધિકારીઓ અને પ્રજાજનો પણ અજાણ હતા.

રાજ્ય હવામાન વિભાગ હિટવેવની જાહેરાત કરી યલો એલર્ટ, ઓરેન્જ એલર્ટ અને રેડ એલર્ટ પરંતુ અરવલ્લી જીલ્લામાં પ્રજાજનો જીલ્લામાં આરોગ્ય વિભાગે કયું એલર્ટ જાહેર કર્યું અને કઈ સિસ્ટમ કે કોના આધારે જાહેર કર્યું એ સમજવામાં ગોથા ખાઈ

રહ્યા છે. તાપમાનનો પારો સતત ૪૧ થી ૪૪ ડિગ્રીની આસપાસ રહે છે, ત્યારે સમગ્ર જીવોની હાલત કફોડી થઈ ચુકી છે. તેવા સમયે જ તાપમાનનો પારો જાણવા કોઈ સુવિધા ન હોવાથી પ્રજાજનો અને અધિકારીઓ ઈન્ટરનેટના સહારે ગુગલ અને વિવિધ એપ્લીકેશનના સહારે જ તાપમાનના લેખા જોખા કરે છે તેમ છતાં સરકારી બાબુઓને આજ દિન સુધી તેનો કોઈ વિચાર કર્યો નથી.

મોડાસા શહેર સહીત જીલ્લાના માર્ગો બપોરે સુમસામ થઈ જાય છે કારણકે તાપમાનનો પારો ૪૧ ડિગ્રીથી નીચે જવાનું નામ નથી લેતો. તાપમાનનો પારો સતત ઉપર જઈ રહ્યો છે, બીજી બાજુ મોડાસા શહેરના નગરજનો તાપમાન કેટલું છે તેની જાણકારી કોઈ પણ સરકારી વિભાગ દ્વારા મળતી નથી. કારણકે અરવલ્લી જીલ્લા સેવાસદન, ડિઝાસ્ટર વિભાગ કે મોડાસા નગર પાલિકામાં કોઈપણ તાપમાન માપક યંત્ર નથી. અરવલ્લી જીલ્લાનું સાબરકાંઠા જીલ્લામાંથી નવનિર્માણ થયાને ૫ વર્ષ જેટલો સમય પૂર્ણ થવા છતાં અનેક સરકારી કામકાજ અર્થે સાબરકાંઠા જીલ્લાના મુખ્યમથક હિંમતનગરની સરકારી કચેરીઓ પર નિર્ભર રહેવું પડે છે.

ધાનેરામાં ટ્રક વીજ થાંભલા સાથે અથડાતા શોર્ટસર્કિટ

ધાનેરામાં એક ટ્રકે વીજ થાંભલાને ટક્કર મારતા શોર્ટસર્કિટ સર્જાયુ હતુ જેથી આજુબાજુના વેપારીઓને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. આજુબાજુના વેપારીઓના દુકાનમાં લાગેલી ઈલેક્ટ્રીક વસ્તુઓ બળીને ખાખ થઈ જવા પામી હતી.

ધાનેરા થરાદ હાઈવે ઉપર આવેલા એક દુકાનમાં ટ્રક માલસામાન ઉતારવા માટે આવી હતી અને આ ટ્રકનો ચાલક ટ્રકને રિવર્સ લઈ રહ્યો હતો તે સમયે ટ્રકની પાછળ ઉભેલા લાઈટના થાંભલા સાથે ટ્રક અથડાઈ હતી અને થાંભલો તૂટી જતા વીજના વાયરો ભેગા થઈ જવા પામ્યા હતા અને શોર્ટસર્કિટને લઈ ભડાકા સર્જાયા હતા. આ ઘટનામાં આજુબાજુની દુકાનોમાં લાગેલા ઈલેક્ટ્રિક સાધનો બળીને ખાખ થઈ જતા અન્ય વેપારીઓને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ બનાવને લઈ લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો અને સર્કિટના ધડાકા સાંભળી લોકો પણ દોડી આવ્યા હતા. તો બીજી તરફ આ અકસ્માતમાં કોઈ પણ પ્રકારની કોઈ જાનહાનિ નથી થઈ કે નથી તો ટ્રકને નુકસાન થયું.

મોડાસા ચાર રસ્તાથી સહયોગ ચોકડીથી બની રહેલા

ફોર લેન રોડ પર પાર્કિંગ સુવિધા ઉભી કરવા આવેદનપત્ર

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વિકાસલક્ષી કાર્યો થઈ રહ્યા છે. જેમાં મોડાસા ચાર રસ્તા માલપુર રોડ સહયોગ ચોકડી અને મેઘરજ રોડ બાયપાસ ચોકડી સુધીનો, કોલેજ રોડ અને જીલ્લા સેવાસદન સુધીના માર્ગ ફોરલેન બનાવવા કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે મારુતિ વિકાસ મંડળ દ્વારા ફોરલેનની આજુબાજુ આવેલી સરકારી જમીનમાં ફોર વ્હીલર અને ટુ વ્હીલર માટે જાહેર પાર્કિંગ બનાવવા માટે સહીત સુવિધાઓની માંગ સાથે માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર મોડાસાને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

મોડાસા મારુતિ વિકાસ મંડળના નિલેશ ભાઈ જોશી, નવનીત પરીખ, અશોક મામા અને

ચીમન પટેલ સહિતના હોદ્દેદારોએ બુધવારે મોડાસા માર્ગ અને મકાન વિભાગના ઈજનેરને આવેદનપત્ર આપી મોડાસા શહેરથી હજીરા, માલપુર બાયપાસ, મેઘરજ બાયપાસ તેમજ કોલેજ રોડ સુધી ફોર લેનનું કામકાજ શરૂ થવાનું છે ત્યારે ફોરલેન રોડની આજુબાજુ પાર્કિંગની સુવિધા આપવા માટે, સરકારી જમીનમાં સિનિયર સીટીઝન માટે બેઠક વ્યવસ્થા માટે બાંકડા મુકવામાં આવે અને જાહેર સુલભ શૌચાલય ઉભા કરવા માટે આવેદનપત્ર આપ્યું હતું.

ખેડબ્રહ્મા તાલુકાના ગામે રાધીવાડમાં બાળલગ્ન થતા પાંચ વિરુદ્ધ ફરિયાદ

ખેડબ્રહ્મા

ખેડબ્રહ્મા તાલુકાના રાધિવાડ ગામે ગત ૧૮ એપ્રિલના રોજ બાલ લગ્નની જાણ થતા અભય અને જિલ્લા બાલ લગ્ન અધિકારી પહોંચી કાર્યવાહી હાથ ધરી.

ખેડબ્રહ્મા તાલુકાના રાધિવાડ ગામના વતની વણકર પ્રવીણભાઈ નાથાભાઇ વણકરની દીકરી રીન્કલબેનના લગ્ન ખેડબ્રહ્મા ગામના નિલેશકુમાર ડાહ્યાભાઈ વણકર સાથે તા.૧૮ એપ્રિલના રોજ થવાના હતા જે અંગે સામાજિક રીતે પત્રિકા પણ છપાઈ વેચાઈગઈ હતી પરંતુ રીન્કલ ડોભાડા ખાતેથી રાધિવાડના જ સચિન જોડે જતી રહેતાં અને પ્રવિનભાઈએ સમાજમાં પત્રિકા વહેંચી દીધી હોઈ પ્રવીણભાઈની નાની દીકરી ઉ.વ.આ..(૪/૧૧/૨૦૦૩)નાએ સંમતી આપતા તેના લગ્ન નિલેશ જોડે રાધિવાડ ગામે ૧૮ એપ્રિલના રોજ પ્રવિનભાઈના ઘરે કરાવેલ જે અંગે કોઈએ અભયમમાં ફોન મારફત જાણ કરતા અભયમની ટીમ રાધિવાડ આવી હતી અને તેમને બાળ લગ્ન પ્રતિબંધ અધિકારી, હિંમતનગરના પણ આવી તાપસ હાથ ધરી હતી. જેમાં પત્રિકામાં રીંકલનું નામ હતું અને લગ્ન બીજી દીકરીના હતા જેની

કોની વિરુધ્ધ ફરીયાદ નોંધાઈ

પ્રવીણભાઈ નાથાભાઈ વણકર, મંજુલાબેન પ્રવીણભાઈ વણકર, બંને રાધિવાડ, નિલેશકુમાર ડાહ્યાભાઈ વણકર, ડાહ્યાભાઈ આશભાઈ વણકર, ડાહ્યીબેન ડાહ્યાભાઈ વણકર - રહે ખેડબ્રહ્મા

જન્મ તારીખના પુરાવા તલાટી જોડેથી એકઠા કરી ઉમર નાની હોઈ ૧૮ એપ્રિલના રોજ ૧૫ વર્ષ ૫ માસ ૨ સપ્તાહ થતી હોઈ બાલ લગ્ન અધિનિયમ ૨૦૦૬ મુજબ બાલ લગ્નની વ્યાખ્યામાં આવતું હોય લોકો વિરુદ્ધ અધિકારીએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશમમાં ફરિયાદ નોંધાવી હતી.

ભૂતેડી પ્રાથમિક શાળામાં ધોરણ-૮ના બાળકોનો વિદાય સમારોહ યોજાયો

પાલનપુર નજીક આવેલા ભુતેડી ગામમાં ધો.૮ના વિધાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં સરપંચ રમેશભાઈ, પૂર્વ સરપંચ મહેશભાઈ, શાળાના આચાર્ય મયંકભાઈ તથા શાળાના શિક્ષકો અને બાળકોની હાજરીમાં બાળકોને વિદાય આપવામાં આવી. બાળકોને જરૂરી માર્ગદર્શન અને સારા ભવિષ્ય માટેની શુભકામનાઓ આપવામાં આવી. બાળકોએ શાળાને મદદરૂપ થવા સ્ટેન્ડ, ઘડિયાળ અને સરસ્વતી માતાની મૂર્તિ ભેટ આપી. બાળકોને નાસ્તો અને આઈસ્ક્રીમ ખવડાવી આ શાળામાં તેમની છેલ્લી પળોને યાદગાર કરવામાં આવી.

મજાતપુર આઝાદીના દાયકાઓ બાદ પણ પ્રાથમિક સુવિધાઓથી વંચિત

ગામમાં આવવા જવા માટેનો રોડ તેમજ ગટરનો અભાવ

વડગામ, તા. ૧

વડગામ તાલુકાના છનિયાણા ગૃપ ગ્રામપંચાયતમાં આવતા મજાતપુર ગામ આઝાદીના ૭૦ વર્ષ બાદ પણ પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહી જવા પામ્યું છે. મજાતપુર ગામ આશરે એક હજારની વસ્તી ધરાવતું ગૃપ ગ્રામપંચાયતમાં આવતું ગામ છે. આ ગામમાં આઝાદીના દાયકાઓ બાદ પણ છનિયાણાથી મજાતપુર સુધીનો માત્ર અંદાજીત ૩ કી.મી.નો રોડ આવેલો છે પણ આ રોડ અત્યારે પણ ધુળિયો માર્ગ જ રહી ગયો છે. વર્ષો પહેલાં રોડ ઉપર મેટલ કરવામાં આવ્યો હોવા છતાં તાલુકાના નપાણીયા નેતાઓના પાપે રોડ પેવર બની શક્યો નથી. જેના કારણે મજાતપુરના લોકોને વડગામ તાલુકા મથકે આવવું હોય તો તેમને ગોળા વાયા છનિયાણા પરખડી થઈને વડગામ આવવાની ફરજ પડી રહી છે, જેના કારણે ગ્રામજનોને ફોગટનો સમય બગાડવો પડે છે તેમજ રૂપિયાનો પણ વધુ ખર્ચ કરવો પડે છે.

છનિયાણાથી મજાતપુર સુધીનો સીધો રોડ હોવા છતાં તંત્ર અને નપાણીયા તાલુકાના નેતાઓ કારણે લોકોને પારાવાર હાલાકી ભોગવવી પડે છે. ગામમાં ગટરનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. ગટર ન હોવાના કારણે ગંદુ ભારે દુર્ગંધ મારતું પાણી

રોડ ઉપર ભરાઈ રહે છે જેના કારણે મચ્છરોનો પણ ઉપદ્રવ રહે છે. લોકોને રોગચાળો ફેલાય તેવો ભય સતાવી રહ્યો છે. આ ગંદુ દુર્ગંધ મારતું પાણી સ્મશાન જવા માર્ગ પર ભરાયેલું રહેતું હોવાથી ગામમાં કોઈનું મોત થાય ત્યારે પહેલાં પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરવી પડેશે તેવું ગામના યુવાન દિનેશભાઈએ મિડીયાએ ગામની લીધેલ મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું.

ગામમાં છેલ્લા એક મહિનાથી બોર ફેલ થઈ જતાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં પીવાના પાણીની તંગી સર્જાતી રહી છે. લોકોને પીવાના પાણી માટે ભટકવાનો વારો આવ્યો છે ત્યારે નઘરોળ તંત્ર અને સ્થાનિક પંચાયત આ બાબતે મજાતપુર ગામના લોકોની સમસ્યાઓનો ઉકેલ લાવવા મદદરૂપ બને તેવું ગ્રામજનોમાંથી માંગ ઉઠવા પામી છે. સ્થાનિક પંચાયત તેમજ તાલુકા નેતાઓ મજાતપુર ગામનો માત્ર ચુંટણી સમયે વોટ બેન્ક તરીકે જ ઉપયોગ કરતા રહ્યા હોવાનું સ્થાનિક લોકોએ જણાવ્યું હતું. મજાતપુરથી વણસોલ, ઘોડીયાલ, ઢેલાણા જવા આવવા માટેના સીધા રસ્તા આવેલા છે પરંતુ એક રોડ પાકો ડામરનો બનાવેલો નથી. જેના કારણે આ વિસ્તારના લોકોને ધૂળિયા રસ્તા ઉપર ચાલવાની ફરજ પડી રહી છે.

વર્ષો પહેલાં છનિયાણાથી મજાતપુર જવાના રોડ ઉપર મેટલ કામ કરાયું છે છતાં આજ દિવસ સુધી માર્ગ અને મકાન વિભાગના સત્તાધીશોને રોડ ઉપર ડામર કામ કરવાની ફુરસદ જ મળી નથી. કાતો આ રોડ માર્ગ અને મકાનના દફતરે પાકો બોલતો હોય તેવું લોકોમાં ચર્ચાસ્પદ બન્યું છે